# મોટા ચિલોડાની મહિલા સ્વાઈન ફલુમાં સપડાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુનો કહેર યથાવત રહેવા પામ્યો છે. જિલ્લામાં આજે વધુ એક કેસ મળી આવેલ છે. આ સાથે જિલ્લામાં આ સિઝનના દર્દીઓની સંખ્યા ૨૫ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના મોટા ચિલોડાની એક ૫૮ વર્ષીય મહિલાને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં તેણીનીને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધી નોંધાયેલા કેસો પૈકી ૨૨ દર્દી સંપૂર્ણ રીતે સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલ માત્ર બે દર્દી જ સારવાર હેઠળ હોસ્પિટલમાં દાખલ છે.

જિલ્લાતંત્રએ મળી આવેલ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સના આદેશ જારી કર્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મહિલા દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આજે પણ મહિલા દર્દી મળી આવેલ છે.



જોખમી વૃક્ષોની કટોતી - ગાંધીનગર શહેરમાં જુના અને જોખમી બનેલા તેમજ સુકાઈ ગયેલા વૃક્ષોની કટૌતી વન વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે. ચોમાસા પહેલા તંત્ર દ્વારા આ કામગીરી હાથ ધરાઈ હોવાથી એક તરફ નગરવાસીઓએ રાહતનો દમ પણ લીધો છે, તો બીજી તરફ આગામી ઉનાળામાં છાંયડો ક્યાં શોધીશું તેની ચિંતા પણ નગરજનોએ વ્યક્ત કરી હતી... ગાંધીનગર શહેર એક વખતે લીલીછમ્મ નગર કહેવાતું હતું... પરંતુ છેલ્લા કેટલાય સમયથી હરિયાળા નગરનો આ દરજ્જો છિનવાયો છે... એમાં પણ આ વૃક્ષોની કટૌતી, વૃક્ષોની સંખ્યામાં ઘટાડો કરે છે... જોકે આગામી ચોમાસા પહેલા વન વિભાગ દ્વારા વૃક્ષારોપણ પણ હાથ ધરવામાં આવનાર છે...

## છેલ્લે.. છેલ્લે..

- ગુજરાતની ઐતિહાસિક અને પ્રાચિન રાજધાની પાટણનો ૧૨૭૩મો સ્થાપના દિવસ ઉજવાઈ રહ્યો છે. શોભાયાત્રા સહિત વિવિધ કાર્યક્રમો યોજાશે.
- સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે ગ્લોબલ ટ્રેનિંગ એજ્યુકેશન પ્રોગ્રામ અને બ્રિટીશ હાઈ કમિશનના સંયુક્ત ઉપક્રમે ઈન્ટરનેશનલ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરાયું છે. જેમાં યુનિ.ના ૧૦૦ ફેકલ્ટી મેમ્બરો યુ.કે. જશે.
- શક્તિપીઠ બહુચરાજી ખાતે વાહન પાર્કિંગની સમસ્યાને હલ કરવા જિલ્લા પંચાયત દ્વારા મલ્ટીસ્ટોરીડ પાર્કિંગ કોમ્પલેક્ષ ઉભું કરવામાં આવશે. જે માટે અંદાજે રૂ. ૮.૫૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.
- અમદાવાદ એરપોર્ટનું સંચાલન અદાણી ગ્રુપને સોંપવામાં આવતા એરપોર્ટના કર્મચારીઓએ તેનો ભારે વિરોધ કર્યો છે.
- સુરતના પૂણા વિસ્તારમાં તલાટી ઓફિસમાં સ્થાનિકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. મતદારયાદીમાં સુધારા વધારા માટે લોકોની મોટી લાઈન બાબતે હોબાળો થયો હતો.
- કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં મોડી રાત્રે એક કારનો ગોઝારો અકસ્માત થયો હતો. દમણના પતલિયા ખાતે કારચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા કાર ડિવાઈડર સાથે અથડાતા કારમાં સવાર ચાર યુવકોના મૃત્યુ નિપજ્યા હતા.
- પુલવામા હુમલા બાદ ગુજરાત સાથે જોડાયેલી ભારત-પાક બોર્ડર પર હલચલ વધી ગઈ છે. કચ્છના બંને હવાઈ મથકોને યુદ્ધ વિમાનથી સજ્જ બનાવાયા છે.
- એપરલ પાર્કથી કાલુપુર સુધીની ટનલનુ ખોદકામ પૂર્ણ થયુ છે. મેટ્રો ટ્રેન માટે બીજા તબક્કામાં આ ખોદકામ પૂર્ણ કરાયુ છે.

# વિવેકાનંદ યુવક મંડળોને પુનઃ સજીવન કરવાનો નિર્ણય

### નવા યુવક મંડળોની રચના અને આનુસંગિક બાબતો અંગે વિસ્તૃત પરિપત્ર પણ જારી કરાયો

ગાંધીનગર, તા. ૨૫

લોકસભાની ચૂંટણીઓ નજીકમાં આવી રહી હોવાથી યુવા મતદારો સાથેનો નાતો ફરી સઘન બનાવવા વિવેકાનંદ યુવા કેન્દ્રોની યોજના પુનઃ સજીવન કરી અમલમાં મુકવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

વિવેકાનંદ યુવા કેન્દ્રોને યુવક-સેવા અને સાંસ્કૃતિક બોર્ડ હસ્તક મુકવામાં આવ્યા છે અને તેનુ મોનીટરીંગ પણ કરાશે. આ અંગેના વિધિવત હુકમો રાજ્ય સરકાર દ્વારા કરી દેવામાં આવ્યા છે.

મળતી વિગતો મુજબ ૫ હજારની વસ્તી ધરાવતા મહેસુલી ગામદીઠ આવા એક મંડળની રચના કરી શકાશે. જ્યારે પાંચ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોમાં વધુમાં વધુ ૨ મંડળની રચના કરી શકાશે.

અ અને બ વર્ગની નગરપાલિકામાં વોર્ડદીઠ વધુમાં વધુ ૨ મંડળ તેમજ ૩ અને ડ વર્ગની નગરપાલિકામાં વોર્ડ દીઠ ૧ મંડળની રચના કરવાની રહેશે.

૧૫ થી ૪૫ વર્ષની વયમર્યાદા ધરાવતી વ્યક્તી આ મંડળની સભ્ય બની શકશે. એક વ્યક્તી એક જ મંડળમાં સભ્ય થઈ શકશે. સભ્યપદ ધરાવનાર સભ્ય પૈકી કોઈ સભ્ય પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, ખજાનચી પૈકીનો કોઈપણ હોદ્દો વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી જ સંભાળી શકશે.

આ વિવેકાનંદ મંડળની નોંધણી જિલ્લા રમત-ગમત અધિકારીશ્રી પાસે કરાવવાની ફરજીયાત રહેશે. આ મંડળમાં કોઈ ફી રાખી શકાશે નહિ. જોકે ભેટ-સોગાદ, દાન મેળવી શકશે અને તેનો હિસાબ અલગથી રાખવાનો રહેશે.

આ મંડળોને રાજ્ય સરકાર તરફથી રમત-ગમતની કીટ આપવામાં આવશે.

રાજ્યના યુવાધનને યોગ્ય પ્રેરણા, દિશાસૂચન માર્ગદર્શન તથા લીડરશીપ મળી રહે અને રાજ્ય સરકારના પ્રજા કલ્યાણકારી તથા વિકાસલક્ષી કાર્યક્રમો અને યોજનાઓનો મહત્તમ લાભ લોકો સુધી પહોંચાડી શકાય તે માટે યુવક બોર્ડ હસ્તક આ અલગ વ્યવસ્થાતંત્ર ઉભુ કરવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

# જિલ્લામાં હજુ ૭ લાખ વાહનોમાં હજુ એચ.એસ.આર.પી. લાગી નથી

### એચ એસ આર પી નંબર પ્લેટ લગાવવા માટે અભિયાન હાથ ધરાશે : ઘરમાં પડી રહેલા વાહનોની સંખ્યા પણ વધુ

ગાંધીનગર તા ૨૫

આર ટી ઓ કચેરી દ્વારા વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયારે નવા વાહનોમાં આ નંબર પ્લેટ ફીટ કરીને જ વાહન માલિકોને આપવામાં આવે છે. આર ટી ઓ કચેરીમાં પણ આ માટે નંબર પ્લેટ તૈયાર કરવાની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. હાઈસિકયુરિટી નંબર પ્લેટ ફીટ કરવા માટે અગાઉ આર ટી ઓ કચેરી દ્વારા જિલ્લામા વિવિધ ઠેકાણે કેમ્પનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે નવા વાહનો સાથે જુના વાહનોમાં પણ આ પ્રકારની નંબર પ્લેટ ફીટ કરવા તરફ આર ટી ઓ તંત્ર દ્વારા વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે. આ મામલે તંત્ર દ્વારા દંડનીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી રહી છે. ગાંધીનગર જિલ્લામાં પણ વાહનોની સંખ્યા પણ વધી છે.જયારે હાઈસિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરવાના મામલે હજુ ઉદાસીનતા જોવા મળી રહી છે.એચ એસ આર પીને અનુલક્ષી જિલ્લામાં હજુ લાખો વાહનો યથાવત

● અનુસંધાન પાન-૭ પર

# આયુષ્યમાન ભારત યોજનાના ગોલ્ડ કાર્ડ આપવામાં જિલ્લો ૧૭મા ક્રમે : ૩૦ ટકા કામગીરી

### જિલ્લાની નબળી કામગીરીથી ઘેરા રાજકીય પ્રત્યાઘાતો

ગાંધીનગર, તા. ૨૫

આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત ગોલ્ડકાર્ડ આપવામાં ગાંધીનગર જિલ્લાની નબળી કામગીરી વધુ એક વખત ચર્ચામાં આવી છે.

ગાંધીનગર જિલ્લો સમગ્ર રાજ્યમાં ૧૭મા ક્રમે આવ્યો છે. હજુ ૩૦ ટકા જ ટકા જ કામગીરી માંડ થઈ હોવાની ચોંકાવનારી હકીકતો બહાર આવવા પામી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અતિ મહત્વાકાંક્ષી આ યોજનામાં લાભાર્થીને રૂ. ૫ લાખનું આરોગ્ય સુરક્ષા કવચ આપવામાં આવે છે. ભારતીય જનતા પક્ષ આ યોજનાને ગેમ ચેઈન્જર લેખાવી રહી છે પરંતુ જિલ્લામાં નબળી કામગીરીને લઈ તંત્રએ હાલ મૌન સેવી લીધુ છે.

ગાંધીનગર જિલ્લામાં આયુષ્યમાન ભારત યોજના અંગે કલેક્ટર અને તત્કાલીન જિલ્લા વિકાસ અધિકારી કોયાએ તંત્રને અમલવારી અંગે કડક તાકીદ પણ કરી હતી પરંતુ પુનઃ એકવાર

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં હળવા વરસાદની આગાહી : ખેડૂતો ચિંતિત

### ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્રમાં વરસાદની સંભાવના : અપર એર સાયક્લોનિક સરક્યુલેશન સ્થિતિ વચ્ચે ફરી એકવાર ઠંડીનો ચમકારો અનુભવાય તેવી વકી

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યભરમાં ઠંડી વધવાના ફરીવાર સંકેત દેખાઈ રહ્યા છે. બીજી બાજુ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ આવતીકાલે મંગળવારના દિવસે વરસાદી ઝાપટા પડી શકે છે. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગો, ઉત્તર ગુજરાતના જુદા જુદા ભાગો, કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠામાં હળવા વરસાદી ઝાપટા પડી શકે છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૨.૨ અને લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી રહ્યું હતું. પાટનગર ગાંધીનગરમાં પારો ૧૩.૮ અને ડિસામાં પારો ૧૩.૧ ડિગ્રી રહ્યો હતો. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં નહીવત ફેરફાર થશે. પૂર્વ રાજસ્થાન અને આસપાસના વિસ્તારોમાં મોર્નિંગના અપર એર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિના લીધે હળવા વરસાદી ઝાપટા આગામી બે દિવસ દરમિયાન પડી શકે છે. લઘુત્તમ તાપમાન પણ ગગડી શકે છે. હળવા વરસાદી ઝાપટા પડવાની શક્યતા પણ દેખાઈ રહી છે. ગુજરાતના જુદા જુદા વિસ્તાર અને સૌરાષ્ટ્રના જુદા જુદા વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડવાની શક્યતા તંત્ર દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. સૌરાષ્ટ્ર, કચ્છ ખાસ કરીને દેવભૂમિ

● અનુસંધાન પાન-૭ પર

# ફાયર બ્રિગેડ માટે નવા પાંચ અદ્યતન વાહનો

### ગ્રામ્ય વિસ્તારોની સાંકડી ગલીઓમાં પણ સરળતાથી કામ થઇ શકશે :ઓછા પાણીના ઉપયોગથી આગને ઝડપથી કાબુમાં લઇ શકાય તેવા વાહનોની મદદથી કામગીરી વધુ અસરકારક બનશે

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર ફાયર બ્રિગેડને નવા પાંચ અદ્યતન વાહનો ફાળવવામાં આવ્યા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના સાંકડા રસ્તાઓ તેમજ ઓછા પાણીથી આગને કાબુમાં લઈ શકાય તેવા આ સાધનો કપરા સંજોગોમાં આગને ઝડપથી કાબુમાં લઈ શકાય તેવી વિશિષ્ટતા ધરાવે છે. આ વાહનોની ખરીદી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર ફાયર સર્વિસ માટે નવા પાંચ વાહનો ફાળવવામાં આવ્યા છે. જેમાં રેપીડ ઈન્ટરવેશન વાનનો સમાવેશ થાય છે. આ વાનને નાના રેસકયુ વાહન તરીકે પણ ઓળખવામાં આવે છે. રૂ-૭૧ લાખની કિમતની આ વાન ગ્રામ્ય વિસ્તારના સાંકડા રસ્તામાં સરળતાથી જઈ શકે તેવી હોવાથી ગ્રામ્ય વિસ્તારમાં થતી આગની દુર્ઘટનાઓમાં તેનો મહત્તમ ઉપયોગ થઈ શકશે. આ ઉપરાંત ૧.૧૮ કરોડનુ હાઈપ્રેશર મીની ફાયર ટેન્ડર પણ ખરીદવામાં આવ્યુ છે. આ ફાયર ટેન્ડર વોટર મીસ્ટ સિસ્ટમ ધરાવતુ હોવાથી ઓછા પાણીએ લાંબા સમય સુધી ફાયર ફાઈટીંગ કરી શકે છે. આ ફાયર ટેન્ડર પણ સાંકડી જગ્યાઓમાં જઈને ફાયર ફાઈટીંગ કરવામાં ખુબ ઉપયોગી બની શકે છે જે તેની ખાસ વિશેષતા છે. જયારે રૂ ૧.૨૨ કરોડના ખર્ચે માન ચેસીસ પર બનાવામાં આવેલી ફોર્મ ટેન્ડરમાં ૧ હજાર ફોર્મ અને ૭ હજાર લીટર પાણી તથા ૨૫ કીલો ડ્રાય કેમિકલ પાવડરની ટેન્ક હોય છે. આ વાહન પાણી કરતા હલકા પદાર્થમાં આગ લાગે ત્યારે ખુબ ઉપયોગી બને છે. ખાસ કરીને હેલીપેડ ખાતે આ વાહનનો ઉપયોગ ખુબ જ જરૂરી છે. રૂ ૨.૨૨ કરોડના ખર્ચે વોટર બાઉઝર ખરીદવામાં આવ્યુ છે. આગની મોટી દુર્ઘટનાઓમાં બેકાબુ બનેલી આગને જલદીથી કાબુમાં લેવા માટે આર્શીવાદરૂપ સાબિત થશે. આ હેવી વાહનમાં ૧૦ હજાર લીટર પાણી આવી શકે તેવી ટેન્ક મુકવામાં આવેલી છે. જેની પર ૨૦ મીટરનુ બુમ લગાવામાં આવ્યુ છે. ૨૦ મીટરની હાઈટ સુધી આ બુમ ઉંચુ લઈ જઈને હાઈરાઈસ બિલ્ડીંગમાં લાગેલી આગને કાબુમાં લેવા માટે ફાયર ફાઈટીંગ કરી શકાશે. મેન્યુઅલ ઉપરાંત રીમોટથી પણ આ વાહન ઓપરેટ કરી શકાશે.



સમગ્ર ગુજરાતમાં સુરત બાદ ગાંધીનગરમાં આ બીજુ વાહન ફાળવવામાં આવ્યુ છે. રૂ ૪.૨૪ કરોડના ખર્ચે ભારત બેન્જ ચેસિસપર બનાવવામાં આવેલુ વધુ એક હેવી વાહન રેસ્કયુ ટેન્ડર ગાંધીનગર ફાયર બ્રિગેડને મળ્યુ છે. રેસ્કયુ ઓપરેશન માટેના મોટાભાગના તમામ અદ્યતન સાધનો આ રેસ્કયુ ટેન્ડરમા મુકવામાં આવ્યા છે. આ વાહન રોડ અકસ્માત તેમજ વિવિધ બચાવ કોલ્સમા ખુબ જ ઉપયોગી નિવડશે.

# નવા ૩૧ વાયરમેનની ભરતીથી ઈન્કવાયરીમાં સ્થાનિકોની ફરિયાદો ઝડપથી ઉકેલાશે

### ઇન્કવાયરી કચેરીમાં પણ વાયરમેનની લાંબા સમયથી ઘટ હતી : સરકારી બિલ્ડીંગોની જાળવણી તેમજ ઇલેક્ટ્રીક ડિવિઝનમાં વાયરમેનની ઘટનો પ્રશ્ન હલ થયો

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં વાયરમેનની ઘટનો પ્રશ્ન હલ થયો છે. પાટનગર યોજના ભવનના ઈલેક્ટ્રીક ડિવિઝનમાં લાંબા સમયથી ૩૧ જેટલા વાયરમેનની ઘટ હતી. જયારે આ પૈકી ૨૬ વાયરમેનની ભરતી કરવામાં આવી છે. આ ઉપરાંત સચિવાલય તેમજ સરકારી બિલ્ડીગોની જાળવણી માટે પણ ૩૫ વાયરમેનની ભરતી કરવામાં આવી છે. વાયરમેનની ભરતીના અંતે શહેરની સરકારી ઈન્કવાયરી કચેરીમાં પણ વાયરમેનની ઘટનો પ્રશ્ન હલ થશે. સરકારી આવાસોમાં રહીશોની ફરિયાદોનો ઝડપથી ઉકેલ આવશે.

સરકાર દ્વારા રાજયમાં વાયરમેનની ભરતી કરવા માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. આ માટે ગૌણ સેવા મંડળ દ્વારા અગાઉ પરીક્ષા લેવામાં આવી હતી. જેના અંતે રાજયમાં અંદાજિત ૧૯૧ જેટલા વાયરમેનની ભરતી કરવા માટે નિર્ણય કરાયો હતો. જયારે આ વાયરમેનની ભરતી કરી દેવાતા ગાંધીનગરમાં પાટનગર યોજના ભવનના તંત્રમાં પણ વાયરમેનની ઘટનો પ્રશ્ન હલ થયો છે. આ ભરતી પ્રક્રીયાના અંતે પાટનગર યોજના ભવનના ઈલેક્ટ્રીક ડિવિઝનમાં પણ ૨૬ વાયરમેનને નિમણુંક આપવામાં આવી છે. અગાઉ તંત્રમાં ૩૧ વાયરમેનની ઘટ હતી. જયારે આ ભરતીના અંતે હજુ પણ ૫ વાયરમેનની ઘટ છે. જયારે સચિવાલય તેમજ અન્ય સરકારી બિલ્ડીંગોની જાળવણી માટે નવા ૩૫ જેટલા વાયરમેનની ભરતી કરવામાં આવી છે. ગાંધીનગરને આ ભરતીના અંતે નવા ૬૧ વાયરમેન મળતા હવે વાયરમેનની ઘટનો પ્રશ્ન પ્રમાણમાં હલ થયો છે. વર્ગ - ૩ સંવર્ગની આ જગ્યા માસિક ૧૯૯૫૦ ના ફિકસ પગારના ધોરણે કરવામાં આવી છે. જો કે હજુ પણ વાયરમેનની ઘટનો પ્રશ્ન પુર્ણ રીતે હલ થયો નથી. પરંતુ આ ભરતીના અંતે સેકટરોની ઈન્કવાયરી કચેરીને પણ વાયરમેન મળતા સરકારી મકાનો તેમજ અન્ય બિલ્ડીંગોમાં વાયરમેનની કામગીરી યોગ્ય રીતે થઈ શકશે . આ ઉપરાંત આમ નાગરિકોની ફરિયાદોનો પણ ઝડપથી અંત આવશે. છેલ્લા ઘણાં સમયથી વાયરમેનની ઘટનો પ્રશ્ન જટીલ બન્યો હતો. જયારે લાંબા સમયથી ભરતી ન થતા ઘટના લીધે સેકટરોની ઈન્કવાયરી કચેરીમાં આમ નાગરિકોની ફરિયાદોનો અંત આવતો નથી. સેકટરોની ઈન્કવાયરી કચેરીમાં ઈલેકટ્રીક કામગીરીને લગતી ફરિયાદો પણ વધતી જાય છે. સરકારી આવાસો જુના અને કંગાળ બન્યા છે. આવા સંજોગોમાં વાયરમેનની ઘટના લીધે સ્થાનિક તંત્ર માટે પણ શિરદર્દ ઉભો થયો હતો જો કે ભરતી પ્રક્રીયાના અંતે હવે આ કામગીરી સરળ બનશે.

# આજે ઘ-૪ સર્કલ પર મહાનગર ભાજપ દ્વારા કમલ જ્યોતિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૫

આવતીકાલે સાંજે ૬.૪૫ કલાકે ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા ઘ-૪ સર્કલ પાસે કમલ જ્યોતિ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલ અને પ્રદેશ ભાજપના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. મહાનગરના તમામ કાર્યકર્તાઓને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા શહેર પ્રમુખે અખબારી યાદીમાં જણાવાયું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com